(1) WHOના ફંડીંગ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તાજેતરમાં યુ.એસ. દ્વારા WHOને આપવામાં આવતું ફંડીંગ સ્થગિત કરવામાં આવ્યું છે.
(2) માત્ર સભ્ય દેશો જ WHOમાં ફાળો આપી શકે છે.
(3) WHOના કુલ ફંડીંગમાં યુ.એસ.નો ફાળો 35% છે.
(4) WHOના કુલ ફંડીંગમાં ભારતનો ફાળો 2.5% જેટલો છે.

(A) માત્ર (1)
(B) માત્ર (1) અને (4)
(C) માત્ર (2), (3) અને (4)
(D) આપેલ તમામ

⇒ જવાબ :- A

**સમજૂતી :**

⇒ તાજેતરમાં યુ.એસ. દ્વારા WHOને આપવામાં આવતા ફંડીંગને સ્થગિત રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇒ યુ.એસ. દ્વારા WHO પર આરોપ મુકવામાં આવ્યો છે કે, 'WHO કોરોના વાયરસના ચેપને અગાઉના તબક્કામાં અટકાવવામાં નિષ્ફળ રહી છે.' ઉપરાંત યુ.એસ. દ્વારા WHOની ટીકા કરવામાં આવી છે કે, WHOએ ચીનની તરફેણ કરી રહી છે.

⇒ વિવિધ દેશો, સેવાભાવી લોકો, સંસ્થાઓ, સંયુક્ત રાષ્ટ્રની સંસ્થાઓ વગેરે WHOમાં પોતાનો ફાળો આપી શકે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇒ WHOના કુલ ફંડીંગ પૈકી આશરે 15% ફંડીંગ માત્ર એકલા યુ.એસ. દ્વારા કરવામાં આવતું હતું. ઉપરાંત સભ્ય દેશ દ્વારા થતાં ફંડીંગમાં તેનો ફાળો 31% છે. આથી, WHOને આ નિર્ણયથી મોટું નુકશાન થશે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇒ ભારત દ્વારા સભ્ય દેશોના ફંડીંગ પૈકી 1% ફંડીંગ WHOને કરવામાં આવે છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) મુદ્રાના ઘસારા (Currency Depreciation) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) રૂપિયાનું ડોલર સામે ઘસાવાનો અર્થ એ છે કે હવે રૂપિયાના 'મૂલ્ય'માં અગાઉ કરતાં ઘટાડો થયો છે.

(2) કોઈ દેશમાં વર્તમાન વ્યાજ દર, ઘસારો, નાણાકીય નીતિ વગેરે દ્વારા તે દેશની મુદ્રાના મૂલ્યને અસર થાય છે.

(3) મુદ્રાનો ઘસારો થતાં સામાન્ય રીતે નિકાસમાં વધારો થાય છે.

(4) RBI ભારતની મુદ્રાના મૂલ્યમાં વધારો કે ઘટાડો કરી શકતું નથી.

(A) માત્ર (2) અને (4)
(B) આપેલ તમામ
(C) માત્ર (1) અને (3)
(D) માત્ર (1), (2) અને (3)

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ભારતીય અર્થતંત્રની અસ્થિરતાના લીધે રૂપિયાનું મૂલ્ય ડોલર સામે ઘટ્યું હતું.

⇛ રૂપિયામાં થયેલા આ ઘસારાનો અર્થ એ છે કે હવે રૂપિયાના 'મૂલ્ય'માં જે–તે મુદ્રા સામે ઘટાડો થયો છે. સામાન્ય રીતે વૈશ્વિક મુદ્રા તરીકે ડોલરને લેવામાં આવે છે. આથી, રૂપિયામાં ઘસારો થતાં હવે રૂપિયાનું મૂલ્ય ડોલર સામે ઘટ્યું છે તેમ કહેવાય. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ કોઈપણ મુદ્રાને તે દેશની નીચેની બાબતો અસર કરી શકે છે :

- ફૂગાવો
- વ્યાજનો દર
- વેપારમાં ખાદ્ય
- વિવિધ આર્થિક તથા નાણાકીય નિતિઓ
- ઈક્વિટી માર્કેટ

(આથી, વિધાન (2) સાચું છે.)

⇛ મુદ્રાના મૂલ્યમાં ઘટાડો થતાં નિકાસની તકમાં વધારો થાય છે કારણ કે, વૈશ્વિક રીતે તે દેશની વસ્તુ તથા સેવાના મૂલ્યમાં ઘટાડો થાય છે અને તે સસ્તી બને છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ કરતાં વિરુદ્ધ જ્યારે મુદ્રાના મૂલ્યમાં વધારો થાય ત્યારે જે–તે દેશની નિકાસને નુકશાન થઈ શકે છે કારણે કે તે દેશની વસ્તુઓ મોંઘી થાય છે.

⇛ RBI વિવિધ પદ્ધતિઓ દ્વારા રૂપિયાના મૂલ્યને સ્થિર રાખવાનો પ્રયત્ન કરે છે. અથવા જરૂરિયાત મુજબ મૂલ્યમાં ઘટાડો કે વધારો પરોક્ષ ક્રિયાઓ દ્વારા કરી શકે છે. જેમ કે, ડોલરની લે–વેચ, મૌદ્રિક નીતિમાં ફેરફાર, રેપો રેટ (વ્યાજના દર)માં ફેરફાર વગેરે દ્વારા RBI આ કાર્ય કરી શકે છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE | icerajkot

## (3) 'રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ' (NHRC) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) NHRCમાં એક અધ્યક્ષ (ચેરમેન) અને પાંચ સભ્યો હોય છે.

(2) NHRCમાં અધ્યક્ષ તરીકે ભારતના નિવૃત્ત મુખ્ય ન્યાયાધિશ હોય છે.

(3) કોઈ ખાનગી સંસ્થા માનવ અધિકારનું ઉલ્લંઘન કરે ત્યારે NHRC મહત્તમ એક વર્ષની સજા કરી શકે છે.

(4) તે એક વૈધાનિક સંસ્થા છે.

(A) માત્ર (1) અને (2)　　(B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3)　　(D) માત્ર (2) અને (4)

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં NHRC દ્વારા કેન્દ્ર સરકારને ભલામણ કરવામાં આવી છે કે, 'લોકડાઉનનો અમલ એવી રીતે કરાવવો જેથી લોકોના માનવ અધિકારનો ભંગ ન થાય.'

⇛ NHRC એ ભારતની વૈધાનિક સંસ્થા છે. તેની સ્થાપના 'પ્રોટેકશન ઓફ હ્યુમન રાઈટસ એક્ટ, 1993' હેઠળ વર્ષ 1993માં કરવામાં આવી હતી. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ NHRCના બંધારણમાં એક ચેરમેન તથા ચાર સભ્યો હોય છે. તથા ચેરમેન તરીકે ભારતના નિવૃત્ત મુખ્ય ન્યાયાધિશ હોય છે. (આથી, વિધાન (1) ખોટું છે, જ્યારે વિધાન (2) સાચું છે.)

⇛ NHRCના સભ્યો તથા ચેરમેનની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે. નીચેની 6 સભ્યોવાળી સમિતિની ભલામણોના આધારે રાષ્ટ્રપતિ આ નિમણૂક કરે છે.

(1) વડાપ્રધાન
(2) લોકસભાના સ્પીકર
(3) રાજ્યસભાના ઉપઅધ્યક્ષ
(4) કેન્દ્રીય ગૃહમંત્રી
(5) રાજ્યસભાના વિરોધપક્ષના નેતા
(6) લોકસભાના વિરોધપક્ષના નેતા

⇛ NHRC પાસે મર્યાદિત પ્રમાણમાં સત્તા છે. NHRCના કાર્યો મુખ્યત્વે સલાહકારી જ હોય છે. ઉપરાંત ખાનગી સંસ્થા કે વ્યક્તિ દ્વારા જો માનવ અધિકારનો ભંગ થાય તો NHRC તેના વિરુદ્ધ કોઈ કાર્યવાહી કરી શકતી નથી. (આથી, વિધાન (3) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(4) લોકડાઉન 2.0 અને ગૃહમંત્રાલયની નવી ગાઈડલાઈન્સ મુજબ નીચેના વિધાનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) સરકારે દરેક જિલ્લાને 3 અલગ પ્રકારમાં વહેંચવાનું નક્કી કર્યું છે.
(2) આ 3 પ્રકારો હોટસ્પોટ, નોન–હોટસ્પોટ અને ગ્રીન ઝોન છે.
(3) ગ્રીન ઝોનમાં કોરોનાનો એકપણ કેસ હોતો નથી.
(4) જો કોઈ જિલ્લામાં 6 કરતાં વધુ કેસ હશે તો તેને હોટસ્પોટ અથવા રેડઝોન તરીકે જાહેર કરવામાં આવશે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (2)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ લોકડાઉન 2.0 માટે ગૃહમંત્રાલય દ્વારા નવી ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. જેની કેટલીક મુખ્ય બાબતો નીચે મુજબની છે :

- દરેક જિલ્લાઓને ત્રણ પ્રકારમાં વહેંચવા : હોટસ્પોટ, નોન–હોટસ્પોટ અને ગ્રીન ઝોન.
- આ વહેંચણી લોકડાઉનને ખોલવામાં મદદરૂપ બનશે.
- આ વહેંચણી માટે બે બાબતો ધ્યાનમાં લેવામાં આવી છે : જે–તે જિલ્લામાં કુલ કેસની સંખ્યા અને કેસમાં થઈ રહેલાં વધારાની ઝડપ.
- ટેક્નીકલ વ્યાખ્યા મુજબ જો કોઈ જિલ્લામાં કોરોનાના 6થી વધુ કેસ હશે તો તેને હોટસ્પોટ અથવા રેડઝોન કહેવાશે.
- જે જિલ્લામાં કોરોનાનો એકપણ કેસ નહીં હોય તેને ગ્રીનઝોનમાં સમાવવામાં આવશે.
- સમયાંતરે જિલ્લાઓના પ્રદર્શન તથા કોરોના કેસની પરિસ્થિતિ મુજબ તેઓનું આ ત્રણ પ્રકારમાં પુનઃવર્ગીકરણ કરવામાં આવશે.

(આથી, આપેલ તમામ વિધાન સાચા છે.)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (5) 'MK-54 ટોર્પીડો' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ ટોર્પીડોનું ઉત્પાદન ઈઝરાયેલ દ્વારા કરવામાં આવે છે.
(2) ભારત આ ટોર્પીડોનો ઉપયોગ 'INS કલ્હારી'માં કરશે.
(3) આ ટોર્પીડોનું જૂનું નામ લાઈટવેઈટ હાઈબ્રીડ ટોર્પીડો હતું.
(4) આ ટોર્પીડોનો ઉપયોગ માત્ર જળસપાટીથી નીચેના એટેકમાં થઈ શકે છે.

(A) આપેલ તમામ (B) માત્ર (1) અને (2)
(C) આપેલ પૈકી એક પણ નહીં (D) માત્ર (3)

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં યુ.એસ. દ્વારા ભારતને MK-54 ટોર્પીડો તથા હાર્પુન મિસાઈલ વેચવાની મંજૂરી આપવામાં આવી છે. આ બન્ને શસ્ત્રો યુ.એસ.ની બનાવટના છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ MK-54 ટોર્પીડોનું જૂનું નામ લાઈટવેઈટ હાઈબ્રીડ ટોર્પીડો (LHT) હતું. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ભારત દ્વારા આ ટોર્પીડો માટેની માંગ ઘણાં સમયથી કરવામાં આવી હતી. ભારત આ બન્નેનો ઉપયોગ પોતાના P-81 એરક્રાફ્ટમાં કરશે. P-81 આ બન્નેની ડિઝાઈન માટે યોગ્ય એરક્રાફ્ટ છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ ટોર્પીડોનો ઉપયોગ મુખ્યત્વે એન્ટિસબમરીન યુદ્ધમાં કરવામાં આવે છે.

⇛ MK-54 ટોર્પીડોનો ઉપયોગ જળસપાટીથી નીચે તથા જળસપાટી પર એમ બન્ને રીતે થઈ શકે છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT